ઉનાળો આવતા જ સીએનજી કાર સળગી ઉઠવાના કિસ્સા શરૂ

વધુ એક સીએનજી કાર ચ-૩ સર્કલ પાસે એકાએક સળગી ઉઠી : ગેસ સંચાલિત કાર ચાલકોમાં ફફડાટ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૧ પેટ્રોલપંપમાંથી સી.એન.જી. ગેસ ભરાવીને શાહપુર ખાતે ઘર તરફ ચ-માર્ગ પરથી જઈ રહેલી મારૂતી ફ્રન્ટી કાર એકાએક ચ-૩ સર્કલ પાસે સળગી ઉઠતા નાસભાગ મચી જવા પામી છે. સી.એન.જી. ગેસ સંચાલિત કાર સળગી ઉઠવાના કિસ્સાઓ ઉનાળો શરૂ થતાં જ વધવા લાગતા સી.એન.જી. કાર ધારકોમાં ફફડાટ મચી જવા પામ્યો છે.

ઉનાળો શરૂ થતા જ સી.એન.જી. ગેસ સંચાલીત કાર કોઈ કારણોસર એકાએક સળગી ઉઠવાના કિસ્સાઓ બનવા લાગ્યા છે. ત્રણેક દિવસ અગાઉ સીએનજી બસ સળગી ઉઠવાનો કિસ્સો બનવા પામ્યો હતો. તે

ઉપરાંત ગત ઉનાળામાં ગાંધીનગર શહેરમાં દસ થી વધુ સીએનજી કાર સળગી ગયાના કિસ્સાઓ પોલીસ ચોપડે નોંધાયા હતા. સીએનજી કાર રસ્તા પર ચાલતી સ્થિતિમાં એકાએક ભડકે બળવાના કિસ્સાઓ વધવા લાગતા કારચાલકોમાં પણ ફફડાટ મચી જવા પામ્યો છે. ગાંધીનગર શહેરના ચ-માર્ગ પર આજે વધુ એક કિસ્સો બનવા પામ્યો છે. શાહપુર ખાતે રહેતા ભરતભાઈ જે. પટેલ પોતાની મારૂતી ફ્રન્ટી ગાડી નં. જીજે-૧-એચ.એન. ૩૫૨૫ લઈને સે. ૧૧માં સીએનજી ગેસ પુરાવી સવારના સુમારે ઘર તરફ ચ-માર્ ૨પરથી નીકળી રહ્યા હતા. દરમ્યાન ચ-૩ પાસે એકાએક તેમની કારમાંથી ધુમાડા નિકળવાનું શરૂ થઈ જતાં ભરતભાઈએ કાર સાઈડમાં ઉભી કરી દીધી હતી. કારમાંથી જેવા બહાર નિકળ્યા કે તરત જ ગણતરીની મીનીટોમાં આગ ભભુકી ઉઠી હતી. ગાંધીનગર ફાયરબ્રિગેડને જાણ થતાં ફાયર ઓફીસર મહેશ મોડ તાત્કાલિક ટીમ સાથે ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને પાણીનો મારો ચલાવીને આગ કાબુમાં લઈ લીધી હતી. સદ્‌ભાગ્યે આ દુર્ઘટનામાં કોઈને ઈજા કે જાનહાનિ થવા પામી નથી જો કે કાર સળગીને ખાખ થઈ ગઈ હતી.

મોચી સમાજની ડિરેકટરી માટે નામ નોંધાવવા સમાજના સભ્યોને અનુરોધ

ગાંધીનગર, તા.૨૩

મોચી સમાજના દરેક કુટુંબના સભ્યોની જરૂરી માહિતી મળી શકે તે માટે ગાંધીનગર શહેર મોચી સમાજ દ્વારા ડિરેટરી પ્રસિદ્ધ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. જે માટે સમાજના સભ્યોએ ૧૫મી એપ્રિલ સુધી ફોર્મ મેળવી, વિગતો ભરી, જમા કરાવવા અનુરોધ કર્યો છે.

ગાંધીનગર શહેર મોચી સમાજ દ્વારા ડિરેકટરી પ્રસિદ્ધ કરવાની હોવાથી સમાજના દરેક કુટુંબોએ ૧૫મી એપ્રિલ ૨૦૧૩ સુધીમાં ભગવાનભાઈ ગોહેલ, સેકટર-૨૫, મો.નં. ૯૯૭૮૪૪૨૦૪૦ અથવા મહેન્દ્રભાઈ રાઠોડ, સેકટર-૨, મો.નં. ૯૮૯૮૦૬૭૮૧૩, વિનોદભાઈ ચાવડા, સેકટર-૫, મો.નં. ૯૬૬૨૦૩૦૪૮૭ અથવા ગિરીશભાઈ યાદવ, સેકટર-૧૨, મો.નં.૯૮૨૨૪૨૩૭૦૯૫નો સંપર્ક કરી સભ્ય ફી સાથે ફોર્મ ભરીને મોકલી આપવા સૌને જાણ કરવામાં આવી છે.

વિશ્વ ક્ષય દિનની ઉજવણી મંગળવારે

ગાંધીનગર, તા. ૨૩

વિશ્વ ક્ષય દિનની ઉજવણી તા. ૨૬મી માર્ચના રોજ ડૉ. આંબેડકર હૉલ ગાંધીનગરમાં સવારે ૧૦ વાગે થનાર છે.

આ સમારંભનાં અધ્યક્ષ સ્થાને ડૉ. પરેશ દવે, અધિક નિયામતશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગાંધીનગર, ઉદ્‌ઘાટક બી.જે. ભટ્ટ, આઈએએસ, જિલ્લાધિકારી અધિકારી ગાંધીનગર, નવીનકુમાર શર્મા, વાઈસ પ્રેસીડેન્ટ પ્રોજેક્ટ જે. કે. લક્ષ્મી સિમેન્ટ કલોલ, મુખ્ય મહેમાનપદે રહેશે. અતિથિ વિશેષપદે ડૉ. કે.બી.પટેલ, વિભાગીય નાયબ નિયામક, ડૉ. બી.બી. પેટલ, સિવિલ સર્જન ગાંધીનગર, કમલભાઈ ચૌધરી, પ્રમુખ, જુનિયર સીટીઝન કાઉન્સીલ ગાંધીનગર રહેશે. ડૉ. એમ.એમ. સોલંકી, જિલ્લા ક્ષય અધિકારી, તથા ડૉ. આર.આર. વૈદ્ય, જિલ્લા આરોગ્ય અધિકારી ગાંધીનગર જણાવેલ છે.

સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ ગાંધીનગર ૧૦૦૦ ચકલીઘરોનું વિતરણ કરશે

ગાંધીનગર, તા. ૨૩

સૌરાષ્ટ્ર-કચ્છ સેવા સમાજ ગાંધીનગરની અંતિમ બેઠક સ્વજન ગૃહ ખાતે મળી હતી. તા. ૧૩મી એપ્રિલે લોકડાયરાનો કાર્યક્રમ યોજેલ છે. વિશ્વ ચકલી દિને નિમિત્તે પેથાપુર મહાકાળી મંદિરેથી મળેલ ગરબા માટલી નંદ ૭૧૫, પોતાના મકાનોની નજીક વૃક્ષો પર લગાડવાનું કામ પૂર્ણ કર્યું. ૧૦ પાણીની પરબો શરૂ કરી દીધી. ૧૦૦૦ ચકલી ઘરો, ૧૦૦૦ પાણી કુંડા માનવ જ્યોત સંસ્થા કચ્છ પાસેથી મંગાવવાનો ઓર્ડર આપેલ છે. જલદિન નિમિત્તે પ્રતિજ્ઞાને લીધી, વાવોલ રામજી મંદિર મહંત શ્રી રામ સ્વરૂપ દાસજીના આશીર્વાદ સાથે બેઠક પૂર્ણ કરી હતી.

ગજાનન સેવા સમિતિ દ્વારા હોળી નિમિત્તે સેવાકાર્ય

ગજાનન સેવા સમિતિ દ્વારા હોળી નિમિત્તે સંતરામપુરમાં ૪ ગામોની નિશાળમાં વિવિધ વસ્તુઓનું વિતરણ કરેલ હતું. ૩૦૦ પેકેટ, ૨ કિલો ચોખાનાં પેકેટ, ૩૧૫ ટી શર્ટ, ૨૦૦ નંગ સાબુ, ૨૦૦ પિચકારી, ૪૫૦ પેન્શિલ, ૧૦૦ બોલપેનનું વિતરણ કરેલ હતું. અજાણવા, ચરાડા, ફલવા તથા ખોડધરા ગામોનાં ૫૩૦ બાળકોને વિતરણ કરેલ હતું. બાળકોને નવી વસ્તુ મળવાથી આનંદિત બન્યા હતા. મિલિન્દ ગુપ્તે એ જણાવેલ હતું.

વીવીઆઈપી સેક્ટર-૮માં અલાયદુ ઈ-બાઈક પેટ્રોલીંગ

નાગરીકો પણ નાઈટ પેટ્રોલીંગની સ્થિતિ ઈન્ટરનેટ મારફતે જાણી શકશે : લોક દરબારમાં રજુઆત થઈ હતી

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરના વીવીઆઈપી સેક્ટર-૮માં અસરકારક પેટ્રોલીંગ માટે તાજેતરમાં લોકદરબારમાં થયેલી રજુઆતને પગલે આજથી અલગથી ઈ-બાઈક પેટ્રોલીંગ શરૂ કરવામાં આવ્યું છે. સે. ૮માં બે દિવસ સર્વે કરીને કુલ ૧૩ સ્થળોએ પોલીસે બારકોડ સીસ્ટમ લગાડ્યા છે. પીસીઆર વાનથી ઈ-પેટ્રોલીંગની સાથોસાથ બાઈક ઈ-પેટ્રોલીંગ પણ ચાલુ રહેશે. આ રાત્રી પેટ્રોલીંગની સ્થિતિ સે. ૮ના નાગરીકો પણ ઈન્ટરનેટ મારફતે જાણી શકશે.

તાજેતરમાં શહેરના વીવીઆઈપી સેક્ટર-૮માં સિનિ. સિટીઝન નાગરીકો સાથે એસ.પી.નો લોકદરબાર યોજાયો હતો. જેમાં સે. ૮માં અલાયદી અસરકારક પોલીસ પેટ્રોલીંગ શરૂ કરવા રજૂઆત થવા પામી હતી. જેને પગલે એસ.પી.ની સુચનાથી સે. ૭ પોલીસ દ્વારા બે દિવસ સુધી સર્વે કરીને અલાયદુ પોલીસ પેટ્રોલીંગ ગોઠવી દેવામાં આવ્યું છે. સે. ૮ના સેન્ટ ઝેવિયર્સ કોર્નર, શોપીંગ સેન્ટર, રાજવિલા બંગલોઝ, અંબીકા મંદિર, સરદાર પ્રાદેશીક તાલીમ કેન્દ્ર, રંગમંચ, પોલીસ ચોકી, ગાર્ડન, મેરીટાઈમ બોર્ડ સહીતના કુલ ૧૩ જેટલા વિસ્તારો નક્કી કરીને ત્યાં બારકોડ સ્ટીકર લગાડવામાં આવ્યા છે. ઈ-બાઈક પેટ્રોલીંગ ઉપરોક્ત ૧૩ સ્થળોમાં કરવામાં આવશે. તે ઉપરાંત પી.સી.આર. વાન દ્વારા થતું પેટ્રોલીંગ તો અલગ જ...! ઉલ્લેખનીય છે કે સે. ૮ના નાગરીકો પણ જરૂરી પાસવર્ડ પોલીસ પાસેથી મેળવીને ઈન્ટરનેટ વડે નાઈટ પોલીસ પેટ્રોલીંગની સ્થિતિ જાણી શકશે. ઉપરોક્ત સમગ્ર આધુનિક સિસ્ટમ તથા સમગ્ર પ્રોજેક્ટ ગાંધીનગર શહેરના સે. ૨૫ ખાતે સ્થિત ઈલેક્ટ્રોન ઈ-સર્વીસ દ્વારા તૈયાર કરવામાં આવી છે.

આદિશ્વર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘની મંગળવારે સામાન્ય સભા

શ્રી આદિશ્વર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘની તા. ૨૬મી માર્ચના રોજ રાત્રે આઠ વાગે સામાન્ય સભા યોજેલ છે. ટ્રસ્ટી મંડળ, સલાહકાર સમિતિ, સંઘના સભ્યો હાજર રહેશે. વૈશાખ સુદ-૯ ના દિવસે જિનાલયને ૧૦ વર્ષ પૂર્ણ થાય છે. તે નિમિત્તે સાલગીરાની ઉજવણીનો કાર્યક્રમોની વિચારણા કરવામાં આવશે.

ઝૂલેલાલ-સાંઈબાબા મંદિરે હોળી દહન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરના સેક્ટર-૩૦માં આવેલા ઝૂલેલાલ-સાંઈબાબા મંદિર ખાતે તા. ૨૬મી માર્ચ-૨૦૧૩ મંગળવારના રોજ સાંજના ૭ કલાકે હોળી દહન રાખવામાં આવી છે. સર્વે ધર્મ પ્રેમીઓ અને શ્રદ્ધાળુઓને આ ધાર્મિક પૂજામાં શ્રદ્ધાથી સામેલ થવા શ્રી લાલચંદ ગોપાલાણી પ્રમુખ, સિંધી પંચાયત ગાંધીનગર દ્વારા જણાવાયું છે.

આવતીકાલે રાત્રે ધૂમકેતુ નિહાળી શકાશે

તા. ૨૫ અને ૨૭મી રોજ રાતે ધુમકેતુ જોવા મળશે. જેનો આનંદ માણવા જાથાએ લોકોને અપીલ કરેલ છે. અવકાશમાં ધૂમકેતુ નિહાળી ખગોળપ્રેમીઓ રોમાંચિત થયા. સંધ્યા સમયે પુછડીયા તારાએ દર્શન દીધા. પુછડીયા તારાને ધુમકેતુ તરીકે ઓળખવામાં આવે છે. ધુમકેતુબરફનાં બનેલા વાયુઓનો એક ગોળો છે. તે સૂર્ય પાસે જતાં પીગળેછે. તેની ગતિમાં ફુંછડીનો આકાર રચાય છે. શહેરી વિસ્તારમાં વીજળીનાં પ્રકાશના કારણે જોવામાં તકલીફ પડશે. ૪૦ મિનિટ સુધી આ ધૂમકેતુ જોવા મળશે.

દિવ્ય જીવન સંઘ દ્વારા વિશેષ સત્સંગ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર શહેરમાં દિવ્યજીવન સંઘ દ્વારા આજે તા. ૨૪મી માર્ચ ૨૦૧૩ને રવિવારે સાંજે ૬ કલાકે સત્સંગનો કાર્યક્રમ યોજાશે. દિવ્ય જીવન સંઘ, ગાંધીનગર શાખાના માનદ મંત્રી ભા.દ. કાજરેકરે જણાવ્યું છે કે, ગાંધીનગર શાખાના ૩૨મા સ્થાપના દિન નિમિત્તે વિશેષ સત્સંગનો કાર્યક્રમ ૨૦૫, આનંદનગર, સેકટર-૨૭, ગાંધીનગર ખાતે યોજાશે. દિવ્ય જીવનસંઘ, ગાંધીનગર શાખાના ૩૨મા સ્થાપના દિને યોજાનાર વિશેષ સત્સંગ કાર્યક્રમમાં સૌ નગરજનો ખાસ ઉપસ્થિત રહેશે.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ચિલોડા વિસ્તારમાં શાકભાજી ભીંડાની ખેતીમાં ખેડુતો મશગુલ

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારમાં ચાલુ સાલે શિયાળુ-ઉનાળુ ખેતીમાં ઘઉં તથા શાકભાજીમાં ભીંડાનું વાવેતર કરવામાં ખેડૂતો વધુ આકર્ષાયા છે. પરિણામે હાલમાં માર્ચ મહિનામાં ઘઉંની ખેતીમાં ખેડૂતો કાપણીની કામગીરીમાં વ્યસ્ત બન્યા છે. જ્યાં જુઓ ત્યાં ખેડૂતો પોતાના ખેતીના સાધનોમાં ટ્રેકટરો તથા થ્રેસરો લઈ ઘઉંની કામગીરીમાં જોડાયા છે. જ્યારે બીજી બાજુ ચિલોડા પંથકમાં શાકભાજીમાં મુખ્યત્વે ભીંડાની ખેતીને વધુ પ્રાધાન્ય આપ્યું છે. પરિણામે વહેલી સવારથી ખેડૂતો ભીંડાના ખેતરોમાં ભીંડા વીણવાની કામગીરી કરી રહ્યા છે. હાલમાં ૭૦૦ થી ૯૦૦ રૂ.નો ભાવ ઉપજતાં ખેડૂતો મનોમન મલકાયા છે. આમ છતાં અમુક ભીંડાના ખેતરોમાં ખેડૂતો મહામુલો પાક બચાવવા સતત જંતુનાશક દવાનો છંટકાવ તથા ખાતરોનો ઉપયોગ કરવા તનતોડ મહેનત આદરી રહ્યા છે. આમ અમુક ખેડૂતો ભીંડાની ખેતીમાં સારી ફાવટ અને ઉપજ થતાં રાહત અને સંતોષની લાગણી પ્રસરી રહી છે.

ચરેડી નજીક માર્ગમાં પડેલ ભૂવાથી સ્થાનિકો પરેશાન

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરથી પેથાપુર માર્ગ પર ચરેડી પાટીયા નજીક પાણીની ટાંકી આવેલી છે. જેની નજીક ખુબ જ મોટો ભુવો રોડ ઉપર પડેલ છે. જેના કારણે રાહદારી અને વાહન ચાલકો ખુબ જ હેરાન પેરશાન થઈ ગયા છે. આ ભુવાના કારણે ગંભીર અકસ્માત થાય તેવી દહેશત સ્થાનિકો દ્વારા થઈ રહી છે.

પેથાપુર વિસ્તારમાં આવેલી પાણીની ટાંકી પાસે મુખ્ય રોડ ઉપર જ ખુબ જ મોટો ભુવો ઘણા લાંબા સમયથી અસ્તિત્વમાં છે. આ મોટા ખાડાથી અવારનવાર રાહદારીઓ અને વાહન ચાલકો પણ પરેશાન થઈ ગયા છે. ઘણા સમયથી તંત્રને અવાર નવાર રજુઆતો કરવા છતાં પણ આ મામલે તંત્ર ખુબ જ ઉદાસીન વલણ દાખવી રહ્યું છે. રાત્રીના સમય દરમિયાન જે રાહદારી રોડ ઉપર ફરવા નિકળે છે તેમને પણ ખુબ જ તકલીફ પેદા થાય છે. કારણ કે ત્યાં રોડ ઉપર લાઈટની પણ સગવડ નથી આથી રાહદારીઓ અને વાહન ચાલકો ખુબ જ પરેશાની ભોગવી રહ્યા છે. સ્થાનિકો દ્વારા આ મામલે તંત્ર યોગ્ય કાર્યવાહી કરી આ ભૂવાને પુરી અને તે જગ્યાએ ડામરનો રોડ બનાવે તેવું ઈચ્છી રહ્યા છે.

ભાડા વસુલાતી શાખા ઓનલાઈન કરવાની કાર્યયોજના અધ્ધરતાલ

વિભાગે સોફટવેર તૈયાર કરવા ડેટા સુપ્રત કર્યા બાદ કોઈ પ્રગતિ નહીં

ગાંધીનગર, તા.૨૩

શહેરના સરકારી આવાસોની ફાળવણી અને ભાડા વસુલાત સહિતની કામગીરી કોમ્પ્યુટરાઈઝડ કરવાની કાર્યયોજનાનો લાંબા સમયના અંતે પણ અમલ થઈ શકયો નથી. ભાડા વસુલાત શાખાની કામગીરી ઓનલાઈન કરવા સઘળો ડેટા એન.આઈ.સી.ને સુપ્રત કરી દેવાયો છે. પરંતુ હજુ પણ આ અંગેનું સોફટવેર તૈયાર ન થયું હોવાનો સૂર ઉઠવા પામ્યો છે.

શહેરમાં સ્થિત હજારો સરકારી આવાસોની ફાળવણી તેમજ ભાડા વસુલી સહિતનું કામ હાલ મેન્યુઅલી ચાલી રહ્યું છે. વિવિધ સેકટરોમાં સ્થિત જુદી જુદી કેટેગરીના આવાસોની ફાળવણીની પ્રક્રીયા ઉપરાંત ભાડાની વસુલાતીની કામગીરી પણ લાંબા સમયના અંતે કોમ્પ્યુટરાઈઝડ થઈ શકી નથી. એકબાજુ તંત્ર પાસે પર્યાપ્ત સ્ટાફ ન હોવાથી વહીવટી કામગીરી મંદ ગતિએ ચાલે છે. ભાડા વસુલાતી શાખાને કોમ્પ્યુટરાઈઝડ કરી ઓછા મેનપાવર વચ્ચે અસરકારક કામગીરી થઈ શકે તે માટે આ નવતર આયોજન કરવામાં આવ્યું હતું. શાખાની કામગીરીને ઝડપી અને પારદર્શક બનાવવા તંત્ર દ્વારા સઘળો ડેટા તૈયાર કરી નીકને સુપ્રત કરી દેવાયો છે. આ માટે ખાસ સોફટવેર તૈયાર કરવા ડેટા સુપ્રત કરાયા બાદ લાંબા સમયના અંતે પણ આ કાર્યયોજનાનો અમલ થઈ શકયો નથી.

વિધાનસભા ઘેરાવ અંગે દહેગામમાં કોંગ્રેસની બેઠક યોજાઈ

દહેગામ, તા. ૨૩

દહેગામ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા દહેગામ શહેર ખાતે હોદ્દેદારો અને કાર્યકર્તાઓની બેઠક તાજેતરમાં યોજાઈ હતી. જેમાં વિધાનસભાનો ઘેરાવો કરવા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

ગુજરાતના ખેડૂતો નર્મદા કેનાલમાંથી ગેરકાયદેસર ફાયટર મશીન દ્વારા પાણી ખેંચીને ખેતીમાં ઉપયોગ કરતા હોય તેવા ખેડૂતો ઉપર પાસા હેઠળ ગુનાહિત કાર્યવાહી કરવા ભાજપ સરકારે જે કાયદો ઘડ્યો તેના વિરોધમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા ૧ એપ્રિલના રોજ વિધાનસભાનો ઘેરાવો કરવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. તે અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે ૨૭મીએ હોળી ઉત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર વૈષ્ણવ સમાજ દ્વારા શ્રીજી શ્રી ગોવર્ધન નાથજીની હવેલી સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે તા. ૨૭મી માર્ચ-૨૦૧૩ને બુધવારે હોળી ઉત્સવ ઉજવવામાં આવશે.

હોળી ઉત્સવ અંતર્ગત ૨૭મી માર્ચે સવારે ૫ થી ૫.૩૦ કલાકે મંગળા, હોળી પ્રાગટ્ય ૬ કલાકે, શૃંગાર સવારે ૭ થી ૭.૩૦ કલાકે રાજભોગ ભીતરમાં તથા પહેલો ખેલ ૧૦ થી ૧૦.૩૦ કલાકે, બીજો ખેલ ૧૧ થી ૧૧.૩૦ કલાકે, ત્રીજો ખેલ બપોરે ૧૨ થી ૧૨.૩૦ કલાકે અને ચોથો ખેલ ૧ થી ૧.૩૦ કલાકે યોજાશે. ઉત્થાપન તથા સંધ્યા આરતી ભીતરમાં થશે. શયન સાંજે ૬.૩૦ થી ૭ કલાકે થશે. એમ ગાંધીનગર વૈષ્ણવ સમાજના માનદ મંત્રી રસિકભાઈ ગાંધીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૧
સૂર્યાસ્ત : ૬.૪૭

તાપમાન

મહત્તમ : ૩૬.૪ ડિ.સે.
લઘુત્તમ : ૨૧.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૭ ટકા ● સાંજે ૩૦ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

ઑલમ્પસ હૅસ ફૉલન (હિન્દી) : ૯.૧૫, ૧.૪૫, ૬.૧૫, ૧૦.૪૫
સોના સ્પા : ૧૧.૪૫
મેરે ડેડ કી મારુતિ : ૪.૧૫, ૮.૪૫

: સ્ક્રીન-૨ :

આત્મા : ૧૦.૩૦, ૧૨.૩૦, ૨.૩૦, ૪.૩૦, ૬.૩૦, ૮.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :

જૉલી એલએલબી : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૬.૪૫, ૯.૩૦

: સ્ક્રીન-૪ :

રંગરેઝ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સૂર્યા, વાવોલ

રંગરેઝ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
પ્રેમના દુશ્મન (ગુજરાતી) : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

રંગરેઝ : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

આત્મા : ૧૦.૧૫, ૧૨.૩૦, ૩.૩૦, ૫.૪૫, ૮.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :

૩જી : ૧૦.૦૦, ૩.૧૫, ૧૦.૪૫
જૉલી એલએલબી : ૧૨.૪૫, ૬.૦૦, ૮.૩૦

વિરાગ, કલોલ

આખા જગથી નિરાળી મારી સાજણા : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : પ્રિય વ્યક્તિથી મુલાકાત થશે. સંતાનની સ્થિતિમાં સુધારની સંભાવના છે. રોગ, ઋણ, શત્રુ સંબંધી કાર્યોમાં ખર્ચ, પ્રવાસ વગેરેનો યોગ. આર્થિક રોકાણ સમજી વિચારીને કરવું. મિત્રોની સાથે સમય પસાર થશે. કૌટુંબિજનો સાથે વાદવિવાદ ટાળવો.

વૃષભ : કાર્યોમાં નવીન સમસ્યા આવશે, જેથી ધૈર્ય અત્યંત જરૂરી છે. નાણાંકીય મુશ્કેલીઓને કારણે મન અશાંત રહી શકે છે. કર્મક્ષેત્રે કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

મિથુન : આરોગ્ય સંબંધી સામાન્ય હેરાનગતિ રહેવાની સંભાવના છે. ઉચ્ચ સ્તરીય કલ્પનાઓમાં સમય પસાર થશે. વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યો થઈ શકે છે. સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠા વૃદ્ધિનો યોગ બની રહ્યો છે.

કર્ક : મનમાં ઉલ્લાસ અને જોશ રહેશે, જે તમારા કાર્ય તેમજ વેપારને નવી ગતિ પ્રદાન કરશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમ પૂર્વક ઉકેલવી. ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રમાં માન-સન્માન પ્રાપ્ત થશે.

સિંહ : સંતાન તરફથી સારા સમાચાર પ્રાપ્ત થશે. વ્યવસાયિક ગોપનીયતા બનાવી રાખવી જરૂરી રહેશે. સામાજિક કાર્યોથી યશ અને સન્માન પ્રાપ્ત થઈ શકશે. મિત્રોના સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના છે. વિનમ્રતા અને સામંજસ્યથી કામ કરવું પડશે.

કન્યા : વ્યવસાયિક યોજનાઓ સફળ થઈ શકે છે. માન-સન્માનનો યોગ બનશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

તુલા : સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક રહેશે. વ્યાપાર-વ્યવસાય ક્ષેત્રમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. ખાનપાનમાં સંયમ રાખવું. ઉચ્ચસ્તરીય સન્માન પ્રાપ્તિ મળી શકે છે.

વૃશ્ચિક : કુટુંબના સદસ્યો તરફ વિશેષ ધ્યાન આપવું. નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. સામાજિક કાર્યોમાં વ્યસ્તતા રહેશે. આર્થિક તંગી દુર થવાની સંભાવના છે. પ્રયત્નોથી લાભ થશે.

ધન : પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યો પણ ઉકેલ આવશે. મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. વ્યાપાર માં પ્રગતિ થશે. નોકરી-વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે.

મકર : વ્યસ્તતા રહેશે. જીવનમાં તનાવ વધશે. પરિચિત વ્યક્તિનો સહયોગ મળવાની સંભાવના છે. બુદ્ધિના ઉપયોગથી કાર્ય વૃદ્ધિ થશે. શત્રુઓથી હાની થવાની સંભાવનાઓ રહેલી છે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થશે.

કુંભ : તમારી બુદ્ધિ અને તર્કથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના છે. આધ્યાત્મિક પ્રવૃત્તિને કારણે મનમાં શાંતિ રહેશે. જ્ઞાન શોધના કાર્યોમાં મન લાગશે. રાજકારણમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત થશે.

મીન : શત્રુ તમારી છબીને ધૂમિલ કરવાનો પ્રયત્ન કરી શકે છે, જેથી સાવચેત રહેવું. ઉતાવળ અને ભાગદોડથી કાર્ય કરવાની પ્રવૃત્તિ પર અંકુશ રાખો. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

ચિરવિદાય

- સ્વ. દેવેન્દ્રસિંઘ જ્ઞાનસિંઘ સેઠ્ઠી (ઉ.વ. ૭૩) પ્લોટ નં.૮૩, સર્વોદય કોલોની, સેકટર-૩૦
- સ્વ. જશોદાબેન રામશંકર જાની (ઉ.વ.૮૦) પ્લોટ નં.૪૮૫/૨, સેકટર-૩સી, ગાંધીનગર